<u>સુરત મહાનગરપાલિકા</u>
<u>યુસીડી વિભાગ</u>

સરકારશ્રીની DAY-NULM યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકાના જે તે ઝોન વિસ્તારમાં રચાયેલ એરિયા લેવલ ફેડરેશનો (ALFs) પાસેથી તેઓને લાગત ઝોન વિસ્તારમાં આવેલ યુસીડી સમુદાય કેન્દ્રોની હાઉસકીપિંગ (સાફ સફાઈ) ની કામગીરી કરવા રસ ધરાવતા એરિયા લેવલ ફેડરેશનો (ALFs) પાસેથી જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ મા યુસીડી વિભાગ, રાયકા સર્કલ પાસે, બમરોલી પુલ રોડ, ઉધના, સુરત ખાતે રવિવાર અને જાહેર રજા સિવાયના દિવસે સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ દરમ્યાન નિયત ફોર્મમાં ભાવપત્રક રજુ કરવા જણાવવામાં આવે છે. ભાવપત્રકનું ફોર્મ, કામગીરીની શરતો અને જે તે ઝોન વિસ્તારમાં આવેલ યુસીડી વિભાગના સમુદાય કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક યુસીડી વિભાગ તથા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પરથી વિનામૂલ્યે મેળવી શકાશે.

નં.પી.આર.ઓ.
તા.    /૧૧/૨૦૨૪

આસી.મ્યુ.કમિશનર
યુસીડી વિભાગ
સુરત મહાનગરપાલિકા

## યુસીડી સમુદાય કેન્દ્રની હાઉસકીપિંગ (સાફ સફાઈ)ની કામગીરી કરવા ભાવપત્રક ભરતી વખતે ધ્યાનમાં લેવાની શરતો:-

૧. ભાવો GST સિવાયના અન્ય તમામ ટેક્ષ સહીત (સદર કામગીરીમાં હાલ GST માં મુક્તિ આપવામાં આવેલ છે પરંતુ ભવિષ્યમાં આ કામગીરી માટે GST લાગુ કરવામાં આવે તો સુરત મહાનગરપાલિકાએ એજન્સીને ક્વોટેડ માસિક રકમ ઉપરાંત લાગુ પડતી GST ની રકમ ચુકવવાની રહેશે.) તમામ પ્રકારના કર, વેરા, મટીરીયલ, સાધનો, ઉપકરણો, લેબર, તમામ પ્રકારનું ટ્રાન્સપોટેશન વિગેરે સહિતના મંગાવવામાં આવે છે. સદર ભાવપત્રકમાં દર્શાવેલ રકમ સિવાયનું વધારાની રકમનું ચુકવણું સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવશે નહિ.

૨. યુસીડી સમુદાય કેન્દ્રના સ્થળે તમામ દાદર, કોમન પેસેજ, લોબી ફ્લોરિંગ પર દિવસમાં બે વખત ઝાડું તથા ફીનાઈલનું પોતું મારવાનું રહેશે તેમજ મકાનની અંદર આવેલા તમામ લાઈટ, પંખા તથા માર્જિનવાળા ખુલ્લા ભાગમાં અઠવાડિયામાં ૦૧ વખત સાફ સફાઈ કરાવવાની રહેશે.

૩. યુસીડી સમુદાય કેન્દ્રમાં આવેલ ટોયલેટ/બાથરૂમ/મુતરડી દિવસમાં બે વખત ફીનાઇલથી સફાઈ કરવાની રહેશે, તેમજ જરૂરીયાત મુજબ દુર્ગંધનાશક ટીકડી (ઓડોનીલ જેલી અથવા સમકક્ષ ) મુકવાની રહેશે, જરૂરીયાત પ્રમાણેની ડામરની ગોળી મુકવાની રહેશે તથા બિલ્ડીંગમાં આવેલ તમામ ચોકડીઓ દિવસમાં એકવાર ફીનાઈલથી સફાઈ કરવાની રહેશે.

૪. યુસીડી સમુદાય કેન્દ્રની ઉપર આવેલ સમગ્ર ટેરેસના ભાગની સફાઈ કરવાની રહેશે તેમજ છત દીવાલો ઉપરની ધૂળ, જાળાની સફાઈ, બંધ કચેરીઓના બારી - બારણા, રેલીંગ, કઠેળાની સફાઈ કરવાની રહેશે તેમજ તમામ ફ્લોરિંગની ધોલાઈ ક્લીનીંગ એજન્ટ સાથે કરાવવાની રહેશે તથા યુસીડી મુખ્ય કચેરી/ સમુદાય કેન્દ્ર/ શહેરી આજીવિકા કેન્દ્ર ખાતે મુકવામાં આવેલ તમામ ડસ્ટબીનની ક્લીનીંગ એજન્ટથી અઠવાડીક સફાઈ કરવાની રહેશે.

૫. યુસીડી સમુદાય કેન્દ્રની બિલ્ડીંગમાં આવેલ ચોકડી તથા ડ્રેનેજ લાઈનનું ચોકપ દુર કરવાની કામગીરી પણ કરવાની રહેશે.

૬. યુસીડી સમુદાય કેન્દ્ર બિલ્ડીંગ તથા અન્ય સંલગ્ન બિલ્ડીંગમાં આવેલ વોટરકુલર અઠવાડીયામાં એક વખત પાણી ખાલી કરાવી સફાઈ કરાવવાની રહેશે.

૭. ઈજારદારે આ કામગીરી માટે સલામતી / સાવચેતીના તમામ પગલા લેવાના રહેશે અને તે માટે જરૂરી તમામ સાધનો રાખવાના રહેશે. ઈજારદાર તરફથી રોકવામાં આવેલ કામદારો / મજુરોને કામગીરી વખતે કોઈપણ ઈજા કે અકસ્માત થાય તો તેની કોઈપણ પ્રકારની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિ તેમજ સુરત મહાનગરપાલિકા કોઈપણ પ્રકારની ઈન્સ્યુરન્સ કે મેડીકલ ફેસીલીટી આપશે નહિ. જરૂરી તમામ સવલતો ઈજારદારે પૂરી પડવાની રહેશે.

૮. સાફ સફાઈ માટેના જરૂરી ઝાડું, ડસ્તર, બ્રશ, મોપ, પોતા વિગેરે સારી ગુણવત્તાવાળા / સૂચવે તે મુજબ એજન્ટ જેવા કે પાવડર, બ્લીચીંગ પાવડર, ફીનાઈલ, ડામરની ગોળી તથા અધીકારીશ્રી સૂચવે તે ઈજારદારે પોતાના ખર્ચે લાવવાના રહેશે તેમજ પુરતો સ્ટોક રાખવાનો રહેશે.

૯. જો કોઈ સમયે યુસીડી સમુદાય કેન્દ્રની ટાંકીમાં પાણી પૂરું થઇ ગયું હોય અથવા તો ઈલેક્ટ્રીક સપ્લાય ચાલુ ન હોય તો તેવા સમયે ઈજારદારે બહારથી પાણી લાવી સંડાસ/ બાથરૂમ સાફ કરવાના રહેશે.

૧૦. સદર કામે ઈજારદાર ધ્વારા શારીરિક રીતે સશક્ત અને સક્ષમ હોય તેવા જ કામદારોને કામે રાખવાના છે. ઈજારદાર ધ્વારા કોઈપણ સંજોગોમાં બાળકામદારો રાખી શકાશે નહિ.

૧૧. એરિયા લેવલ ફેડરેશને હાઉસકીપિંગ (સાફસફાઈ)ની કામગીરી માટે ભાવપત્રક ફોર્મ સીલબંધ કવરમાં આપવાનું રહેશે. એરિયા લેવલ ફેડરેશનનું નામ અને જે ઝોન વિસ્તારમાં આવેલ યુસીડી સમુદાય કેન્દ્રોની હાઉસકીપિંગની કામગીરી કરવા માટે ભાવ ભરેલ છે. તે યુસીડી સમુદાય કેન્દ્ર તથા ઝોનનું નામ સીલબંધ કવરની ઉપર સ્પષ્ટ રીતે લખવાનું રહેશે.

૧૨. ઉપરોક્ત જણાવ્યા મુજબ જે તે ઝોન વિસ્તારમાં અથવા એડજોઈનીંગ ઝોન વિસ્તારમાં રચાયેલ એરિયા લેવલ ફેડરેશને તે જ ઝોન વિસ્તારમાં આવેલ યુસીડી સમુદાય કેન્દ્રની હાઉસકીપિંગ (સાફસફાઈ)ની કામગીરી કરવા માટે માસિક રકમ દર્શાવતું ભાવપત્રક ભરવાનું રહેશે. દા.ત. સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં રચાયેલ એરિયા લેવલ ફેડરેશન ફક્ત સેન્ટ્રલ ઝોન અને નોર્થ ઝોન વિસ્તારમાં આવેલ સેન્ટર માટે ભાવપત્રક ભરી શકશે.

૧૩. ઉપરોક્ત શરતોમાં વખતોવખત જરૂરી સુધારા વધારા સુરત મહાનગરપાલિકા ધ્વારા કરી શકાશે તથા તમામ શરતો અને નિયમો એરિયા લેવલ ફેડરેશનને માન્ય અને બંધનકર્તા રહેશે. કોઈપણ શરતોના ભંગ બદલ હાઉસકીપિંગની કામગીરીનો કરાર તાત્કાલિક ધોરણે રદ કરવાનો સંપૂર્ણ અધિકાર મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીશ્રીને રહેશે.

૧૪. યુસીડી સમુદાય કેન્દ્રની મિલકતના હદ વિસ્તારની અંદર કે બહારના ભાગે કોઈપણ પ્રકારની ગેરકાયદેસર કામગીરી કરવી નહિ કે સુરત મહાનગરપાલિકાની શાખને નુકસાન થાય તેવી કોઈપણ પ્રકારની કામગીરી ન કરવી.

૧૬. યુસીડી સમુદાય કેન્દ્રની મિલકતને પ્રત્યક્ષ કે પરોક્ષ નુકસાન પહોચાડવું નહિ.

૧૭. ભાવપત્રક સાથે એરિયા લેવલ ફેડરેશને નીચે જણાવ્યા મુજબના પુરાવાઓ રજુ કરવાના રહેશે.
(૧) નોંધણી અધિકારીશ્રી તથા ચેરીટી કમિશનરશ્રીનું અને યુસીડી વિભાગનું ALF ની નોંધણીનું પ્રમાણપત્ર (ત્રણેય રજુ કરવા) (ઝેરોક્ષ), (૨) સંસ્થાનો પાનકાર્ડ, (૩) પ્રમુખ / મંત્રી / ખજાનચી પૈકી કોઈપણ એકનો આધાર કાર્ડ

૧૮. ભાવપત્રક સાથે ઉપરોક્ત જણાવેલ પુરાવા રજુ ન કરનારનું ભાવપત્રક રદ ગણવામાં આવશે.

<u>દંડ:-</u>

૧. યુસીડી મુખ્ય કચેરી/ સમુદાય કેન્દ્ર/ શહેરી આજીવિકા કેન્દ્રની સાફસફાઈમાં બેદરકારીના કિસ્સામાં / સફાઈ ન થવાના કિસ્સા જોવા મળશે તો તેટલા દિવસની દિવસ દીઠ રૂ.૧૦૦/- દંડ પેટે કપાત કરવામાં આવશે. સાફસફાઈમાં ૦૩ વારથી વધુ વખત કચાસ જોવા મળશે તો દિવસ દીઠ રૂ.૧૫૦/- દંડ પેટે વસુલાત કરવામાં આવશે છતા વારંવારની સાફસફાઈ પ્રત્યેની ઉદાસીનતાના કિસ્સામાં સંસ્થાનો કરાર રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

૨. શહેરમાં કરફ્યું, ભારે વરસાદ, રેલ, વાવાઝોડું અથવા કુદરતી આફતોના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે જે તે દિવસ પુરતું કામ બંધ હોય તેવા સંજોગોમાં સ્વ સહાયજૂથ/ એરિયા લેવલ ફેડરેશનને પેનલ્ટી લાગુ પાડવામાં આવશે નહિ, પરંતુ રોગચાળાની પરિસ્થિતિ દરમ્યાન સ્વ સહાયજૂથ/ એરિયા લેવલ ફેડરેશનને કામગીરી ચાલુ રાખવી પડશે.

આસી.કમિશનર
યુસીડી વિભાગ
સુરત મહાનગરપાલિકા

ઉપરોક્ત તમામ શરતો મે વાંચી છે અને તે મને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

તા.

એરિયા લેવલ ફેડરેશનના
પ્રમુખની સહી તથા સિક્કો

# ભાવપત્રક ફોર્મ

પ્રતિ,
પ્રોજેક્ટ ઓફિસરશ્રી,
યુસીડી વિભાગ,
રાયકા સર્કલ સામે, બમરોલી પુલ રોડ,
બમરોલી, ઉધના, સુરત-૩૯૪૨૧૦.

વિષય:- યુસીડી સમુદાય કેન્દ્રની હાઉસકીપિંગ (સાફ સફાઈ) ની કામગીરી સોપવા બાબત.

મે.સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાના યુસીડી વિભાગના ................................ સમુદાય કેન્દ્ર માટે હાઉસકીપિંગ (સાફ સફાઈ) ની કામગીરી આ સાથે જણાવેલ શરતોને આધીન કરવા અમારી સંસ્થા સંમત છે.

વધુમાં યુસીડી સમુદાય કેન્દ્ર........................... ની હાઉસકીપિંગ (સાફ સફાઈ) ની કામગીરી માસિક રકમ રૂ....................... ( અંકે રૂપિયા ...................................................................) જી.એસ.ટી સિવાયના અન્ય તમામ ટેક્ષ સહીતના ભાવે કરવા અમારી સંસ્થા સંમત છે. જે ધ્યાને લેવા વિનંતી. ઉપરોક્ત જણાવ્યા મુજબના ભાવ મંજુર કરી અમારી સંસ્થાને જો કામગીરી સોપવામાં આવશે તો અમો ખંતપૂર્વક અને નિષ્ઠાથી કરીશું. જેની અમો લેખિત બાહેધરી આપીએ છીએ.

એરિયા લેવલ ફેડરેશનનું નામ:-

પ્રમુખનું નામ અને સહી:-

એરિયા લેવલ ફેડરેશનનો નોંધણી નં.:-

એરિયા લેવલ ફેડરેશનનો સિક્કો

# ઝોન વાઈઝ યુસીડી સમુદાય કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | ઝોન | સરનામું |
|---|---|---|
| ૧ | સેન્ટ્રલ | યુસીડી સમુદાય કેન્દ્ર નં.પ્રા.શાળાનં.૧૦૭-૧૦૮ની પાછળ, મસ્જીદવાળી ગલી, હોડીબંગલા, સુરત. |
| ૨ | રાંદેર | યુસીડી સમુદાય કેન્દ્ર અડાજણ, BAPS હોસ્પિટલ પાસે, અડાજણ ચાર રસ્તા, અડાજણ, સુરત. |
| ૩ | રાંદેર | યુસીડી સમુદાય કેન્દ્ર હનુમાન ટેકરી, હિતેન્દ્રનગરની બાજુમાં, હનુમાનટેકરી, મોરાભાગળ, રાંદેર, સુરત. |
| ૪ | અઠવા | યુસીડી સમુદાય કેન્દ્ર અંબાનગર, સોસીયો સર્કલ પાસે, ઉધના મગદલ્લા રોડ,સુરત. |
| ૫ | ઉધના - એ | યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર પાંડેસરા, અટલ વિહારી બાજપેઈ નવી લાયબ્રેરી, પાંડેસરા,સુરત. |
| ૬ | ઉધના - બી | યુસીડી સમુદાય કેન્દ્ર કનકપુર, વી.બી.ડી.સી. ઓફીસની બાજુમાં, સ્વામી નારાયણ મંદિરની સામે, હાઉસિંગ કનકપુર, સુરત. |
| ૭ | લીંબાયત | યુસીડી સમુદાય કેન્દ્ર ખટોદરા, બેઠ્ઠી કોલોની, લાયબ્રેરીની બાજુમાં, ખટોદરા,સુરત |
| ૮ | લીંબાયત | યુસીડી સમુદાય કેન્દ્ર મીઠીખાડી, બીજો માળ, મીઠીખાડી વોર્ડ ઓફીસ, લીંબાયત, સુરત. |
| ૯ | વરાછા- એ | યુસીડી સમુદાય કેન્દ્ર ટાંકલી ફળિયા, વરાછા ઝોન ઓફીસ પાસે, ઉમરવાડા,સુરત. |
| ૧૦ | વરાછા-એ | ટી.પી.સ્કીમ નં.૧૧(પુણા), ફા.પ્લોટ નં.૧૩૫ મા આવેલ દિપમાલા સોસાયટીની આંગણવાડીના પ્રથમ માળે આવેલ યુસીડી સમુદાય કેન્દ્ર. |
| ૧૧ | વરાછા- બી | યુસીડી સમુદાય કેન્દ્ર હીરાબાગ, આરોગ્ય કેન્દ્ર, ડો.હાઉસ પાછળ,હીરાબાગ,વરાછા,સુરત. |
| ૧૨ | વરાછા- બી | યુસીડી સમુદાય કેન્દ્ર નાના વરાછા, નાના વરાછા વોર્ડ ઓફીસના પ્રથમ માળે, નાના વરાછા ઢાળ, વરાછા રોડ, સુરત. |
| ૧૩ | કતારગામ | યુસીડી સમુદાય કેન્દ્ર કાસાનગર, SMC શોપિંગ સેન્ટરની પાછળ, લેકગાર્ડનની બાજુમાં, કાંસાનગર, કતારગામ, સુરત |
| ૧૪ | કતારગામ | યુસીડી સમુદાય કેન્દ્ર કોસાડ, એચ-૨,ઈ.ડબલ્યુ.એસ.આવાસ, શોપિંગ સેન્ટર પાસે, આંગણવાડીના પ્રથમ માળે, કોસાડ, સુરત. |